ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

માનદ્ તંત્રી : કાંતિલાલ મ. શાહ
તંત્રી : દિલીપ કે. શાહ
આર્ચી પબ્લિકેશન્સ
311 to 313 નાલંદા એન્ક્લેવ,
પ્રિતમનગર, એલિસબ્રીજ અમદાવાદ-૬.
Ph. : 079-26576639
Fax : 079-26579996
E-mail : smartinvest25@yahoo.in
smartinvest25@gmail.com
info@smartinvestment.in
website : www.smartinvestment.in

# ગુજરાતી આર્થિક સાપ્તાહિક સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

ડેઈલી ટ્રેડર્સ માટે કમાણીનો કુબેર ભંડાર
સ્માર્ટ ઈન્વે.ની વેબસાઈટનો ઈન્ડેક્સ
35,68,999 હીટ્સ
માત્ર એક જ સપ્તાહમાં 7,000 હીટ્સ
મબલખ કમાણી માટે રોજ તદ્દન ફ્રી નો લાભ ઉઠાવો
www.smartinvestment.in
Future - Options, Stock - Watch, Funda - Picks, Technical Shares, Speculative Scrips, Primary Market,

GAMC No. : 1530/2010 - 2012 Valid Up to 31st December 2012
Pages 16
SMART INVESTMENT
Vol : 12 | Issue No. : 52 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 6th Feb. 2012 to 12th Feb. 2012
₹ 20/-

# હાથીને દારૂ પીવડાવ્યો ?

વિશ્વના બજારોમાં તેજીનું ગાંડપણ આવ્યું છે અને સાથે સાથે ભારતના બજારોમાં પણ.... વિદેશી સંસ્થાઓને એક માસ પહેલા કદરૂપી દેખાતી ભારતીય નારી - સુંદર દેખાવા માંડી છે કારણ કે, ભારતમાં જ નાણાં દેખાય છે. વિદેશી સંસ્થાઓ તો ગાંડા હાથીની જેમ જાણે દારૂપીને આવી હોય તેમ લાગે છે. છેલ્લાં ચાર દિવસોમાં ઈન્ડેક્ષ સતત વધ્યો.

દિવાને-ખાસ
એ. જે. દિવાન (મુંબઈ)
mail : divanconsultancy@rediffmail.com



ડીસેમ્બર ૨૦૫૧ ના નીચા ઈન્ડેક્ષનો વિચાર કરીએ તો ૧૫૧૩૫ થી ૨૪૬૯ પોઈન્ટનો વધારો થયો છે અને એપ્રિલ ૨૦૧૧ ના ૧૯૮૧૧ થી ૨૨૦૦ પોઈન્ટ નીચો છે.

શુક્રવારે છેલ્લાં કલાકમાં રિલાયન્સે આગેવાની લીધી. બાયબેકનો હજી ઉપયોગ થયો નથી. ICICI જેને ૮૬૦ ની પ્રતિકારક સપાટી હતી તે કુદાવતા ૯૧૨-૯૧૫ પર અથડાયો. મંગળ થી ગુરૂવાર દરમ્યાન અને શુક્રવાર સવારના ભાગમાં ૯૧૦ થી પાછો પડ્યો હતો તે શુક્રવારે ૯૧૫ ની સપાટી વટાવી ગયો હતો. રૂા. ૯૦૫ નો સ્ટોપલોસ રહેશે. ખરાબ ગાઈડલાઈન પછી ITC રૂા. ૨૦૦ ની આસપાસ અથડાતો હોય તેમ પ્રતિકારાક સપાટી વટાવી ગયો છે. Tata Motorsમાં પણ ત્રણ દિવસથી ૨૪૯ ની સપાટી કુદાવતો ન હતો તે શુક્રવારે વધ્યો. આમ ઘણા શેરો તેની પ્રતિકારક સપાટીઓ વટાવતા નહતા તે શુક્રવારે ગાંડા હાથીની બીકથી વધ્યો છે. ગુરૂવાર સુધી તો પ્રતિકારક સપાટીઓ હવે સપોર્ટ લેવલો બની ગઈ છે. બુધવારે વિદેશી સંસ્થાઓએ ૧૬૭૬ કરોડનો માલ લીધો. ગુરૂવારે ૧૯૪૧ કરોડનો માલ લીધો અને જાન્યુઆરી માસમાં ૧૦૩૫૭ કરોડની ખરીદી કરી હતી. બજારોમાં અફડા - તફડીનો માહોલ રહ્યો. નેગેટીવ થઈ પોઝીટીવ બજાર થતું જાય છે. જીંદાલ ગ્રુપના શેરોમાં ઉપરમાં સારી વેચવાલી રહે છે એને બાદ કરતા બજારમાં ઘટાડે લેણ જળવાય. નિફ્ટી ૫૦૭૮ તુટતાં અથવા વિદેશી સંસ્થાઓની લગલગાટ બે દિવસ વેચવાલી દેખાય તો નફો બુક કરવો.

# શેરબજારની જાન્યુઆરીની તેજીનો ફેબ્રુઆરીમાં પણ પ્રવેશ

## વધેલા અને ઉંચા ભાવે સાવધ રહેવાનો છે સંદેશ

પાંચ મંગળવારવાળા જાન્યુઆરીમાં દેશનાં શેરબજારોમાં પ્રજવળી ચૂકેલી તેજી ફેબ્રુઆરીમાં પણ પ્રવેશી હતી અને તેથી વીતેલા સપ્તાહમાં પણ મુંબઈ શેરબજારનો ભાવાંક વધીને બંધ રહ્યો હતો. આ સપ્તાહનાં ૩૭૧ પોઈન્ટની સાથે મળીને વરસ ૨૦૧૨નાં પ્રથમ પાંચ અઠવાડિયાની કુલ તેજી ભાવાંક પર ૨૧૫૦ની થઈ હતી જે પ્રતિ સપ્તાહ સરેરાશ ૪૩૦ પોઈન્ટનો વધારો થયાનું સૂચવે છે.

૨૦૧૨ના અત્યાર સુધીમાં પાંચ અઠવાડિયાં જ પસાર થયાં છે અને આ પાંચ અઠવાડિયાં પૈકી માત્ર એક જ દિવસની વેચવાલીને બાદ કરતાં બધાંય દિવસે વિદેશી રોકાણકાર સંસ્થાઓ વત્તા - ઓછા પ્રમામમાં ચોખ્ખા ધોરણે માલોની ખરીદી જ કરી ગયાનું જણાય છે જે ખરીદી રૂપિયાની દષ્ટિએ ૨૬,૦૦૦ કરોડથી પણ વધુની કહેવાય છે. વિદેશી રોકાણકારોની ખરીદીના ટેકે ઝડપી અને વ્યાપક તેજી થઈ તેનો લાભ લઈને સમગ્ર ૨૦૧૧ના વરસ દરમિયાન મંદીવાળાઓના



ચાર્ટીસ્ટની નજરે
તલક્સી ગોસર (મુંબઈ)

હાથે માર ખાઈ ગયેલા તેજીવાળાઓ જોરમાં આવી ગયા હતા અને મંદીવાળાઓને સપડાવીને પૂરો બદલો લઈ લીધો હતો.

જાન્યુઆરીમાં પ્રથમ ચાર અઠવાડિયાઓમાં મળીને ૧૭૮૦ પોઈન્ટનો ઉછાળો મારી લઈને ગયા અઠવાડિયાના અંતે ૧૭,૧૦૭ની સપાટીએ બંધ રહેલો મુંબઈ શેરબજારનો ભાવાંક વીતેલા એવા નવા સપ્તાહના કામકાજના પ્રથમ દિવસે સોમવારે તો ૩૭૧ પોઈન્ટથી ગગડી ગયો હતો અને એ વખતે એવો જ આભાસ કે અહેસાસ સૌ કોઈને થયો હતો કે ચાર અઠવાડિયાંની તેજીનો દોર સમાપ્ત થઈને હવે પ્રત્યાઘાતી ઘટાડાની ચાલ શરૂ થઈ ગઈ છે પણ સોમવારે ૩૭૧ પોઈન્ટથી ઘટેલો ભાવાંક પાછો ૩૩૧ પોઈન્ટથી તો વધી પણ ગયો હતો અને બુધવારે એ વધુ ૧૦૭ પોઈન્ટથી ઉંચકાયો હતો જેથી સોમવારનું ગાબડું પૂરે પૂરું પૂરાઈ જવા ઉપરાંતની પુરાંત પેદા થઈ હતી.

બુધવારે ભાવાંક વધ્યો હતો અને ગુરૂ તથા શુક્રવારે વધુ વધ્યો હતો જેમાં શુક્રવારે ૧૭૬૩૧ની છેલ્લાં કેટલાંય અઠવાડિયાંઓની સૌથી ઉંચી સપાટી સ્થપાઈને તેનો બંધ ૧૭૬૦૫નો આવ્યો હતો જે સ્તરે ૧૮,૦૦૦ની સપાટી ઓળંગાઈથી તે ૪૦૦ પોઈન્ટથી પણ ઓછો છેટે હતો.

(અનુ. પાના નં. ૧૦ ઉપર)

# બજારમાં ૧૫ મહિનાનું કોન્સોલિડેશન પૂરું થયું





### INDEX LEVELS

| | S3 | S2 | S1 | Close | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4985 | 5099 | 5211 | 5325 | 5434 | 5532 | 5645 |
| Sensex | 16668 | 16989 | 17295 | 17604 | 17944 | 18327 | 18679 |

માર્કેટ સ્કેન
જતીન સંઘવી (મુંબઈ)
(M) 098205 26455
E-mail : jatinsanghavi100@yahoo.com



અંતે બજારે દિશા બદલી ખરી. ૧૫ મહિનાથી વધુ સમય સુધી ફોલિંગ ચેનલમાં રહ્યા પછી આખરે બજારે બ્રેકઆઉટ આપ્યો ખરો. બુલીશ બ્રેકઆઉટને પગલે ૧૫ મહિનાનું કોન્સોલિડેશન પૂરું થયું હોય તેમ જણાય છે. આ રીતે બજારનો લાંબા ગાળાનો ટ્રેન્ડ બદલાઈ ગયો છે અને બુલીશ કોન્સોલિડેશન પેટર્ન પૂરી કરીલીધી છે. આ ઉપરાંત બન્ને ઈન્ડાઈસીસે ૨૦૦ દિવસના મૂવિંગ એવરેજની ઉપર બંધ આપ્યો છે જેના પરથી પણ આ સ્પષ્ટ થાય છે. જોકે, હાયર ટાઈમફ્રેમ ચાર્ટ પર, હાયર ટોપ, હાયર બોટમ ફોર્મેશન રચાવાનું હજી બાકી છે. હવે સેન્સેક્સ ૧૭૯૦૮ ઉપર અને નિફ્ટી ૫૩૯૯ ઉપર બંધ આપશે એટલે આ ફોર્મેશન જોવા મળશે.

*ટેકનિકલ દૃષ્ટિએ બજાર :-* સેન્સેક્સ ગયા સપ્તાહે ૧૭૧૩૮ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૧૭૬૩૦ અને નીચામં ૧૬૮૨૮ સુધી ગયા બાદ છેલ્લે ૧૭૬૦૪ બંધ આવ્યો છે. સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૩૭૧ પોઈન્ટનો નોંધપાત્ર સુધારો જોવાયો છે. બીજી તરફ નિફ્ટી પણ ૫૧૬૩ ઉપરખૂલ્યા બાદ ઉપરમાં ૫૩૩૪ અને નીચામં ૫૦૭૬ સુધી ગયા બાદ છેલ્લે ૫૩૨૫ બંધ આવ્યો છે. નિફ્ટીમાં સપ્તાહ દરમયિાન ૧૨૧ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો આવી ગયો.

નિફ્ટીએ બુધવારે ૫૨૧૭ની સપાટીકૂદાવી ત્યારે હેંગીંગ મેન પેટર્નની બેરીશ(મંદીની) અસર દૂરથઈ ગઈ હતી. ત્યારપછીથી બજારમાં સતત મજબૂતી જોવા મળી (અનુ. પાના નં. ૧૨ ઉપર)

### આ સપ્તાહની ભલામણો

| | Stocks | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|---|
| Buy | Kotak Bank | 518 | 508 | 532 | 547 |
| Buy | OFSS | 2099 | 2052 | 2173 | 2250 |
| Buy | BEML | 548 | 538 | 561 | 575 |
| Buy | Nalco | 63 | 61 | 67 | 71 |
| Buy | Pantaloon | 175 | 171 | 181 | 188 |

# જાન્યુઆરી : વાઉ !! શું મહિનો હતો ?

તેજી મંદી ડોટ કોમ
ફખરી સાબુવાલા (મુંબઈ)
E-mail: fakhrisabuwala@hotmail.com



શેરબજારો માટે જાન્યુઆરી મહિનો રોકાણકારો અને ટ્રેડરો બધાને વાઉ! પોકારાઈ ગયા. છેલ્લાં દોઢ વર્ષમાં જાન્યુઆરી મહિનો એક અસામાન્ય મહિનો સાબિત થયો.

સપ્ટેમ્બર ૨૦૧૦થી અત્યાર સુધીના ગાળામાં 'બેસ્ટ પરફોર્મન્સ' જાન્યુઆરી ૨૦૧૨નું રહ્યું હતું. બીએસઈ ૫૦૦ની યાદીવાળા દર પાંચમાંથી એક શેરમાં ૩૦ ટકા જેટલો સુધારો જોવા મળ્યો છે. રોકાણકારો ખાસ કરીને વિદેશી ફંડો પહેલાં કરતાં વધુ સ્ટોક્સ ખરીદયા હતા. બની શકે કે વિદેશી ફંડોને ભારતીય બજારમાં રોકાણ માટે વેલ્યુએશન આકર્ષક લાગ્યું હોય અથવા તેઓ ભારતને રોકાણ માટે સલામત સ્થળ સમજ્યા હશે. સમગ્ર મહિના દરમિયાન FII નેટ બાયર રહ્યા અને ડોમેસ્ટિક સંસ્થાકીય ઈન્વેસ્ટરો (DII) નેટ સેલર રહ્યા હતા. આમ છતાં બજારે સેન્ટિમેન્ટ સુધારવા સાથે કેટલાક પોઈન્ટનો પણ સુધારો દર્શાવ્યો છે. 'A' અને 'B' ગ્રૂપના સેગમેન્ટમાં પણ તેજી જોવા મળી હતી. BSE ૫૦૦ સ્ટોક્સમાંથી કુલ ૪૫૩ સ્ટોક્સમાં તેજીનો ઉછાળો જોવા મળ્યો હતો. ફક્ત ૪૭ સ્ટોક્સ જ એવા હતા જે મહિના દરમિયાન કોઈ સુધારો દર્શાવી શક્યા ન હતા. આમાંથી ૧૧૪ સ્ટોક્સ એવા હતા જેમાં ૩૦ ટકાથી ૮૦ ટકા જેટલો સુધારો મહિના દરમિયાન થયો હતો. ફક્ત જાન્યુઆરી મહિનામાં જ STC ૯૦ ટકા વૃદ્ધિ સાથે સૌથી મોટો ગ્રેઈનર સ્ટોક રહ્યો જ્યારે IVRCL નો શેર ૭૯ ટકા,

(અનુ. પાના નં. ૬ ઉપર)

Gold+Silver+Crude Oil
Copper+Nickel+Lead
Zinc+Natural Gas
For FREE TRIAL
SMS Com 56161
098255 78092

For F & O + Cash
+ Nifty + Weekly
sms CASH to 54959
Free Trial

EARN 40 % TO 150 % RETURN GARUANTED ON TRADAING AND INVESTMENT IN SHARES
WE WORK ONLY IN PROFIT SHARING
NO ADVANCE FEES
PREVIOUSLY WE RECOMMEND ELECTRO STEELS LTD AT 4 AFTER OUR RECOMMENDATION IT MARKED A HIGH OF 8 IN 1 MONTHS ALL CLIENTS BOOK 100 % RETURN
TO JOIN OUR SERVICES CONTACT US AT
08821095969

### BUY.... BUY....BUY

| Co. Name | Code | Price |
|---|---|---|
| GSPL | 532702 | 87 |
| Walchand Nagar | 507410 | 96 |
| VLS Finance | 511333 | 14 |
| Techno Craft | 532804 | 37 |
| Hexaware | 5321219 | 99 |
| Prakash Ind. | 506022 | 55 |
| Thangamayil | 533158 | 171 |
| McNally Bharat | 532629 | 113 |

### IPS OF THE WEEK

| Co. Name | Code | Price |
|---|---|---|
| Petronet LNG | 532522 | 165 |
| Automotive Ax. | 505010 | 475 |
| Birla Corp. | 500335 | 280 |
| Oil India | 533106 | 1259 |
| Goodyear | 500168 | 325 |
| Agrotech Food | 500215 | 435 |
| Mayur Uni. | 522249 | 412 |
| Akzo Nobel | 500710 | 900 |

### આ અંકના આકર્ષણો

Pilani Inv. ના ભાવ કેમ ગગડ્યા ?
IRFCનો બોન્ડ ઈસ્યુને જોરદાર પ્રતિસાદ મળતાં એક સપ્તાહ વહેલો બંધ થયો જ્યારે.... SREI Infra ને નબળો પ્રતિભાવ મળતા લંબાવવો પડ્યો
NHAIના લિસ્ટીંગ વિલંબમાં ?
FACEBOOK ના જાયન્ટ IPOની અવનવી વાતો
ગ્રે માર્કેટમાં પ્રિમિયમ - કોષ્ટક ભાવોમાં ભડકો
NHAIના ઈસ્યુમાં ફંડીંગ લેનારા ખોટના ખાડામાં

For Free Tips
Stock Market & Commodity on Your Mobile
SMS follow prabhatmittal1 to 53000
from your Bharti Airtel, Videocon, Reliance mobiles.

નોંધ : (૧) જો તમો 'સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ' (સાપ્તાહિક) ના ૧૬ પાનાનો સંપુર્ણ અંક વાંચવા (ડાઉનલોડ કરવા) ઈચ્છતા હોવ તો આજે જ ઈ-મેઈલ આવૃત્તિનું લવાજમ મોકલી આપો.
(૨) ફ્રી સેમ્પલ (ડેમોન્સ્ટ્રેશન) માટે અમારા આ અગાઉના 'સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ' (સાપ્તાહિક) ના ઈસ્યુ ઉપર ક્લીક કરો.

વધુ માહિતી માટે ઈ-મેઈલ : info@smartinvestment.in દ્વારા સંપર્ક કરો.